વંચાણે લીધાઃ
૧. ઈ/ચા. મેડીકલ ઓફિસર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના પત્રક્રમાંક નકૃયુ/મેડીકલ યુનિટ/મીટીંગનોંધ/૮૫–૮૬/૨૦૧૨, તા. ૨૪/૦૨/૨૦૧૨ના મુદ્દા નં. ૧
૨. પ્રમુખશ્રી, નકૃયુ પેન્સનર્સ એસોસીએન (સુચિત), નવસારીનો પત્ર, તા.૫/૦૩/૨૦૧૨
અત્રેની કચેરીના પત્રક્રમાંક નકૃયુ/નિવિક/ટી.૨/૨૨૬૩–૬૪/૨૦૧૨, તા. ૧/૦૫/૨૦૧૨
૩. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના મેડીકલ યુનિટમાં મેડીકલ બીલો કાઉન્ટર સાઈન કરવા અંગે ચર્ચા–પરામર્શ કરવા તા.૨૩/૧૦/૨૦૧૨ના રોજ ૧૫–૦૦ કલાકે માન. કુલપતિશ્રીની અધ્યક્ષતા હેઠળ મળેલ મીટીંગની કાર્યવાહી નોંધ.

# પરિપત્ર

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના પેન્શનર્સ/ અધિકારી/ કર્મચારી/ મેડીકલ ઓફિસરશ્રી, ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રી તેમજ યુનિવર્સિટી અધિકારીશ્રીઓને આથી જણાવવામાં આવે છે કે, મેડીકલ રીએમ્બર્સમેન્ટથી તબીબી સારવારના નાણા મેળવવા મેડીકલ બીલો કાઉન્ટર સાઈન કરવા માટે વંચાણમાં લીધેલ અનુક્રમ નં. ૩ અનુસાર નીચે જણાવ્યા પ્રમાણેની પધ્ધતી નકકી કરવામાં આવેલ હોઈ તદાનુસાર સંબંધકર્તા સર્વેને તેનો અમલ કરવા વિનંતી છે.

૧) અત્રેની યુનિવર્સિટીના માનદ્ તબીબી અધિકારીશ્રીએ રીફર કરેલ હોય તેવા ડોકટરે લખેલ પ્રિસ્કિપ્શન રજુ કરવાનું રહેશે. તે મતલબની નોંધ દરદીની કેસફાઈલ અને સંબંધીત રજીસ્ટરમાં કરવાની રહેશે. યુનિવર્સિટીના માનદ્ તબીબી અધિકારીશ્રીને કન્સલ્ટ કર્યા બાદ બહારના ડોકટર પાસે સારવાર કરાવી હોય તો પરિશિષ્ટ–૨ ના મુદ્દા નં.– ૭ માં " મેડીકલ યુનિટ, નકૃયુ, નવસારી દ્વારા રીફર કરેલ" તેમ સ્પષ્ટ પણે દર્શાવવું. દર્દીઓએ ઓછામાં ઓછા દર ૬ માસે ર્ડાકટરનું પ્રીસ્કીપશન રીન્યુ કરાવવાનું રહેશે.

૨) ૬ માસથી ઉપરના બીલો પ્રિ–ઓડીટ કરાવી રજૂ કરવાના રહેશે.

૩) યુનિવર્સિટીના માનદ્ તબીબી અધિકારીશ્રીને ખરીદ કરેલ દવાનું બીલ સરકારશ્રીએ નિયત કરેલ પરિશિષ્ટ–૧૦ સાથે **₹ ૧,૦૦૦/–** ની મર્યાદામાં કાઉન્ટર સાઈન માટે ચાર નકલમાં રજૂ કરવાનું રહેશે.

૪) યુનિવર્સિટીના માનદ્ તબીબી અધિકારીશ્રી જોવા માંગે તો ખરીદ કરેલ દવાઓ તેઓને બતાવવાની રહેશે.

૫) દર ૬ માસે જે તે ર્ડાકટરની દવા ચાલુ હોવા અંગેનું તથા બીમારી અંગેનું સર્ટીફીકેટ રજૂ કરવાનું રહેશે.

૬) માનદ્ તબીબી અધિકારીશ્રીના પ્રતિ હસ્તાક્ષર કરાવવા માટેના બીલો દર **સોમવારે** સ્વીકારવામાં આવશે અને તે **ગુરૂવારે** પરત મેળવી લેવાના રહેશે.

જા. નં. નકૃયુ/નિવિક/ટી.૨/મે.બીલ કાઉ.સાઈન/ ૩૮૩૭–૩૯૦૭ /૨૦૧૨
નવસારી, તા. ૩૦/૧૦/૨૦૧૨

**નિયામક**
**વિદ્યાર્થી કલ્યાણ**
**નવસારી**

**નકલ સવિનય રવાના જાણ તથબ ઘટતું થવા સારૂ પ્રતિ,**
૧. તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૨. તમામ યુનિટ/ સબયુનિટ અધિકારીશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૩. પ્રમુખશ્રી, નકૃયુ પેન્સનર્સ એસોસીએસન (સુચિત), નવસારી.

**નકલ જાણ તથા અમલ થવા સાર રવાના પ્રતિ,**
૧. ઈ/ચા. મેડીકલ ઓફિસરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૨. ર્ડા. બરખા એસ. પટેલ, માનદ્ તબીબી અધિકારીશ્રી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, નકૃયુ, નવસારી.